રજૂ તારીખ : ૧૦–૧૦–૨૦૨૨
દાખલ તારીખ : ૧૦–૧૦–૨૦૨૨
જજમેન્ટ તારીખ : ૦૬–૦૫–૨૦૨૩
અવધિ : વર્ષ માસ દિવસ
---- ---- ----

**મહે. સુરતના સ્મોલકોઝ કોર્ટના એડીશનલ જજ સાહેબ સમક્ષ, સુરત.**

**સ્મોલ દિ.મુ. નં.૪૮૮/૨૦૨૨**

**આંક :**

**વાદી :** રમેશભાઈ નરશીભાઈ પટેલ તે,
આકાર એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢીનાં ભાગીદાર તથા ઓથોરાઈઝડ પર્સન,
ઉ.આ.વ. : ૫૪, ધંધો : ખેતી તથા વેપાર,
રહે. : ૧૪૨, કેશવપાર્ક સોસાયટી, વેડરોડ, સુરત.

<u>**વિરુધ્ધ**</u>

**પ્રતિવાદી :** નીલેશ જયંતિભાઈ પ્રજાપતિ,
ઉ.આ.વ. : ૩૮, ધંધો : નોકરી,
રહે : બી–૨૦૩, મહાવીર હાઈટસ, ક્રોસ રોડની બાજુમાં, અમરોલી કોસાડ રોડ, સુરત.

**દાવો :** રૂા.૧,૫૦,૦૦૦/– ની વસુલાત મેળવવા માટેનો.

**વાદી તરફે – વિ.વ.શ્રી સી.જે. પીપળીયા,**

**પ્રતિવાદી તરફે – એક તરફી**

## :: ચુકાદો ::

**૧.** વાદીનાં કેસની ટુંકમાં હકિકત એવી છે કે, વાદીને આકાર એન્ટરપ્રાઈઝ વતી તમામ પ્રકારની કાર્યવાહી કરવાની સત્તા તમામ ભાગીદારોએ આપેલ હોય, તે સત્તાની રૂએ વાદીએ હાલનો દાવો કરેલ છે. વાદી ખુલ્લી જમીન ખરીદ કરી તેના ઉપર એપાર્ટમેન્ટોનું આયોજન કરી ફલેટોનું બાંધકામ કરી તે ફલેટો વેચાણ કરવાનો ધંધો કરે છે તથા તે ધંધાનો તમામ વહીવટ, દેખરેખ અને વ્યવહારો વાદી આકાર એન્ટરપ્રાઈઝના ભાગીદારની હેસીયતથી કરે

છે. આ ભાગીદારી પેઢી નાં કુલ ત્રણ ભાગીદારો છે અને તેઓએ ભેગા મળીને ડીસ્ટ્રીકટ સુરત ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટના, મોજે ગામ સીંગણપોરના રે.સ.નં.૮૩ પૈકી ર વાળી બીનખેતીની જમીન, જેનો ટીપી સ્કીમ નં.ર૫ (સીંગણપોર–ટુંકી), ઓપન પ્લોટ નં.૪૭, ફાઈનલ પ્લોટ નં .૮૧ જેનું ક્ષેત્રફળ ૬૯૧૫ ચો.મી. પૈકી ૫૯૦૦ સ.ચો.મી. વાળી જમીન ઉપર ''તાપી એન્કલેવ'' નામના પ્રોજેકટનું આયોજન કરેલ. આ કામના પ્રતિવાદી સને ર૦૧૯ માં બ્લુ સ્ટાર કંપનીમાં ઈલ ેકટ્રોનિકસ આઈટમનું વેચાણ કરવાની નોકરી કરતા હતા તે સમય દરમ્યાન પ્રતિવાદી વાદીના સદરહું પ્રોજેકટમાં એ.સી.નું વેચાણ કરવા આવેલા અને વાદીને મળીને તમામ પ્રકારની વાતચીત કરતાં વાદીએ પ્રતિવાદીની કંપની પાસેથી શરૂઆતમાં ર૫ નંગ એ.સી. ખરીદ કરવાનું નકકી કરેલ અને ખરીદ કરેલ એ.સી.ઈન્સ્ટોલેશન અને એ.સી.ની એક વર્ષની સર્વિસ આપવાની જવાબદારી આરવી કોર્પોરેશન હતી તે અંગેનું તેમના લેટર પેડ ઉપર વાદીને તા.૧/૧/ર૦૧૯ ના રોજ લખાણ સહી કરીને કરી આપેલ. ત્યારબાદ વાદીએ ખરીદ કરેલ એ.સી.નાં પેમેન્ટ પેટે પ્ર તિવાદીને તા.ર/૧/ર૦૧૯ નાં રોજ રોકડા રૂા.૧,૫૦,૦૦૦/– ચુકવી આપેલા, જે નાણાં મળ્ યા અંગે પ્રતિવાદીએ વાદીને એક રસીદ લખી આપેલી, જેમાં નાણાં લેનાર તરીકે પ્રતિવાદીનું નામ લખેલ છે અને નાણાં આપનાર તરીકે વાદીનાં પુત્ર અંકિત પટેલનું નામ લખેલ છે અને પ્ર તિવાદીએ નાણાં સ્વીકારી રેવન્યુ ટીકીટ ઉપર તેમની અંગ્રેજીમાં સહી કરેલ છે. ત્યારબાદ ઘણો સમય વીતી જવા છતાં પ્રતિવાદી એ વાદીને એ.સી. આપેલ ન હતા જેી વાદીએ પ્રતિવાદીને વારંવાર એ.સી. મોકલી આપવા જણાવેલ હોવા છતાં મોકલી આપેલ નહિં. જેથી વાદીએ પ્ર તિવાદીને એ.સી.નાં પેમેન્ટ પેટે રૂા.૧,૫૦,૦૦૦/– રોકડા આપેલા તેની ઉઘરાણી કરતાં તે રકમની પરત ચુકવણી પેટે પ્રતિવાદી એ તેમની બેંક એચ.ડી.એફ.સી. બેંક, નાનપુરા શાખા, સુરતનો તા.૧/૧ર/ર૦૧૯ નાં રોજનો ચેક નં.૦૦૦૦૦૯, રૂા.૧,૫૦,૦૦૦/– નો વાદીને આપેલ અને સદર ચેક બેંકમાં પાસ કરવા નાંખતા ચેક પાસ થઈ જશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલ. જેથી વાદીએ સદર ચેક તેમની સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, સીંગણપોર કોઝવે રોડ શાખા, સુરતમાં પાસ થવા નાંખતાં સદર ચેક તા.ર/૧/ર૦ર૦ નાં રોજ '' **ફંડસ ઈન્સફીશીયન્ટ**'' નાં શેરા સાથે પરત આવેલ. જેથી વાદીએ  પ્રતિવાદીનો સંપર્ક કરતાં પ્ર

તિવાદીએ ''મારાથી થશે તો આપીશ નઈ તો તમારાથી થાય તે કરી લો'' તેમ જણાવી ઉડાવ જવાબ આપેલ અને વાદીની નીકળતી લેણી રકમ ચુકવી આપેલ નહિં. જેથી વાદીએ તેમના વકીલશ્રી મારફતે તા. ૭/૧૨/૨૦૨૧ નાં રોજ પ્રતિવાદીને નોટીસ મોકલાવેલી, સદર નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ હોવા છતાં નોટીસનો કોઈ અમલ કરેલ નથી કે વાદીની બાકી લેણી રકમ ચુકવી આપેલ નથી. જેથી વાદીએ હાલનો દાવો કરી વાદીની પ્રતિવાદી પાસે કાયદેસરની લેણી નીકળતી રકમ રૂા.૧,૫૦,૦૦૦/– ની વાદીને ચુકવે તે તારીખ સુધીનું વાર્ષિક ૨૪% લેખે પ્રતિવાદી સ્વતંત્ર રીતે અથવા તો પ્રતિવાદીની સ્થાવર–જંગમ માલ–મિલકતમાંથી વસુલ થતા સુધી વાર્ષિક ૨૪% લેખે વ્યાજ સહિત મેળવવા માટે દાદ માંગેલ છે.

**૨.** આ કામના પ્રતિવાદીને સમન્સ ફોર એપીયરન્સની બજવણી થયેલ હોવા છતાં પ્રતિવાદી જાતે કે તેઓના વકીલશ્રી મારફત હાજર થયેલ ન હોય પ્રતિવાદીનો બચાવનો હકક બંધ કરવામાં આવેલ છે અને પ્રતિવાદી વિરૂધ્ધ એકતરફી કામ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**3.** સદરહુ કામે નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

## :: મુદ્દા ::

(૧) શું વાદી પુરવાર કરે છે કે, વાદી પેઢી રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, વાદીએ પ્રતિવાદી પાસેથી એ.સી. ખરીદીનાં પેમેન્ટ રૂા. ૧,૫૦,૦૦૦/– રોકડા ચુકવી આપેલ હોવા છતાં પ્રતિવાદીએ વાદીને એ.સી. મોકલી આપેલ નહિં ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, વાદી પ્રતિવાદી પાસેથી એ.સી. ખરીદીનાં નાણાં પરત વસુલ લેવા કાયદેસર રીતે હકકદાર છે ?

(૪) શું વાદી દાવાવાળી રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલા ટકા ?

(૫) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૬) શું હુકમ અને શું હુકમનામું ?

**૪.** સદરહુ કામે ઘડવામાં આવેલ મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં,

૨. હકારમાં,

૩. હકારમાં,

૪. અંશતઃ હકારમાં,

૫. અંશતઃ હકારમાં

૬. આખરી હુકમ મુજબ

**૫.** ઉપરોકત મુદ્દાઓ સંદર્ભે વાદી ધ્વારા રજુ થયેલા પુરાવાઓ નીચે મુજબ છે.

**૫.૧** **–:: વાદી તર્ફે મૌખિક પુરાવા ::–**

| ક્રમ | આંક | સાહેદોના નામ |
|---|---|---|
| ૧ | ૧૦ | વાદી રમેશભાઈ નરસિંહભાઈ પટેલ ની સોગંદ ઉપર સરતપાસ. |

**–:: વાદી તર્ફે દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૨ | વાદી પેઢીનાં તમામ ભાગીદારોએ આપેલ ઓથોરીટી લેટરની પ્રમાણિત નકલ |
| ૨ | ૧૩ | આરવી કોર્પોરેશનનું અસલ લેટર પેડ |
| ૩ | ૧૪ | પ્રતિવાદીએ નાણા સ્વીકાર્યા બદલ લખી આપેલ અસલ પહોંચ |
| ૪ | ૧૫ | પ્રતિવાદીએ આપેલ અસલ ચેક નં.૦૦૦૦૦૯ |
| ૫ | ૧૬ | એજન ચેક રીટર્ન થયાનો અસલ મેમો |
| ૬ | ૧૭ | પ્રતિવાદીને આપેલ નોટીસની ઓફિસ કોપી |
| ૭ | ૧૮ | નોટીસ પોસ્ટ કર્યાની અસલ સફેદ પાવતી |
| ૮ | ૧૯ | પ્રતિવાદીને નોટીસ બજી ગયાની પોસ્ટની વેબસાઈટ પરથી કાઢેલ પ્રિન્ટ |
| ૯ | ૨૦ | ફરીયાદી પેઢીનાં જી.એસ.ટી. સર્ટીફિકેટની ઓનલાઈન પ્રિન્ટઆઉટ |

ત્યારબાદ વાદી તરફે આંક–૨૧ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

**૫.૨** આ કામે પ્રતિવાદી તર્ફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.

૬. સદરહુ મુદ્દાઓના નિર્ણયના કારણો નીચે મુજબ છે.

## :: કારણો ::

**૬.૧. <u>મુદ્દા નં ૧ થી ૩ :–</u>**

વાદીનાં કેસની હકિકત તેમજ વાદીએ રજુ કરેલ આંક–૧૦ ની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેતાં, આ કામના પ્રતિવાદી સને ૨૦૧૯ માં બ્લુ સ્ટાર કંપનીમાં ઈલેકટ્રોનિકસ આઈટમનું વેચાણ કરવાની નોકરી કરતા હતા તે સમય દરમ્યાન પ્રતિવાદી વાદીના સદરહું પ્રોજેકટમાં એ.સી.નું વેચાણ કરવા આવેલા અને વાદીને મળીને તમામ પ્રકારની વાતચીત કરતાં વાદીએ પ્રતિવાદીની કંપની પાસેથી શરૂઆતમાં ૨૫ નંગ એ.સી. ખરીદ કરવાનું નકકી કરેલ અને ખરીદ કરેલ એ.સી.ઈન્સ્ટોલેશન અને એ.સી.ની એક વર્ષની સર્વિસ આપવાની જવાબદારી આરવી કોર્પોરેશન હતી તે અંગેનું તેમના લેટર પેડ ઉપર વાદીને તા.૧/૧/૨૦૧૯ ના રોજ લખાણ કરી સહી કરીને આપેલ. ત્યારબાદ વાદીએ ખરીદ કરેલ એ.સી.નાં પેમેન્ટ પેટે પ્રતિવાદી ને તા.૨/૧/૨૦૧૯ નાં રોજ રોકડા રૂા.૧,૫૦,૦૦૦/– ચુકવી આપેલા, જે નાણાં મળ્યા અંગે પ્રતિવાદીએ વાદીને એક રસીદ લખી આપેલી, જેમાં નાણાં લેનાર તરીકે પ્રતિવાદીનું નામ લખેલ છે અને નાણાં આપનાર તરીકે વાદીનાં પુત્ર અંકિત પટેલનું નામ લખેલ છે અને પ્રતિવાદી એ નાણાં સ્વીકારી રેવન્યુ ટીકીટ ઉપર તેમની અંગ્રેજીમાં સહી કરેલ છે. ત્યારબાદ ઘણો સમય વીતી જવા છતાં પ્રતિવાદી એ વાદીને એ.સી. આપેલ ન હતા જી વાદીએ પ્રતિવાદીને વારંવાર એ.સી. મોકલી આપવા જણાવેલ હોવા છતાં મોકલી આપેલ નહિં. જેથી વાદીએ પ્રતિવાદી ને એ.સી.નાં પેમેન્ટ પેટે રૂા.૧,૫૦,૦૦૦/– રોકડા આપેલા તેની ઉઘરાણી કરતાં તે રકમની પરત ચુકવણી પેટે પ્રતિવાદી એ તેમની બેંક એચ.ડી.એફ.સી. બેંક, નાનપુરા શાખા, સુરતનો તા.૧/૧૨/૨૦૧૯ નાં રોજનો ચેક નં.૦૦૦૦૦૯, રૂા.૧,૫૦,૦૦૦/– નો વાદીને આપેલ અને સદર ચેક બેંકમાં પાસ કરવા નાંખતા ચેક પાસ થઈ જશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલ. જેથી વાદીએ સદર ચેક તેમની સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, સીંગણપોર કોઝવે રોડ શાખા, સુરતમાં રજુ કરતાં સદર ચેક તા.૨/૧/૨૦૨૦ નાં રોજ **''ફંડસ ઈન્સફીશીયન્ટ''** નાં શેરા સાથે પરત આવેલ. જેથી વાદીએ પ્રતિવાદીનો સંપર્ક કરતાં પ્રતિવાદીએ ''મારાથી થશે તો આપીશ નઈ તો

તમારાથી થાય તે કરી લો'' તેમ જણાવી ઉડાવ જવાબ આપેલ અને વાદીની નીકળતી લેણી રકમ ચુકવી આપેલ નહિં. જેથી વાદીએ તેમના વકીલશ્રી મારફતે તા. ૭/૧૨/૨૦૨૧ નાં રોજ પ્રતિવાદીને નોટીસ આપેલી તે નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ હોવા છતાં નોટીસનો કોઈ અમલ કરેલ નથી કે વાદીની બાકી લેણી રકમ ચુકવી આપેલ નથી. જેથી વાદીની પ્રતિવાદી પાસે કાયદેસરની લેણી નીકળતી રકમ રૂા.૧,૫૦,૦૦૦/–વાદીને ચુકવે  તે તારીખ સુધીનું વાર્ષિક ૨૪% લેખે પ્રતિવાદી સ્વતંત્ર રીતે અથવા તો પ્રતિવાદીની સ્થાવર–જંગમ માલ–મિલકતમાંથી વસુલ થતા સુધી વ્યાજ સહિત મેળવવા માટે હાલનો દાવો દાખલ કરેલો છે.

સદરહુ કામે વાદી તરફે આંક–૧૨ થી વાદી પેઢીનાં તમામ ભાગીદારોએ આપેલ ઓથોરીટી લેટરની પ્રમાણિત નકલ રજુ કરેલ છે. આંક–૧૩ થી આરવી કોર્પોરેશનનું અસલ લેટર પેડ રજુ કરેલ છે. આંક–૧૪ થી પ્રતિવાદીએ નાણા સ્વીકાર્યા બદલ લખી આપેલ અસલ પહોંચ રજુ કરેલ છે.આંક–૧૫ થી પ્રતિવાદીએ આપેલ અસલ ચેક નં.૦૦૦૦૦૯ રજુ કરેલ છે.આંક–૧૬ થી ચેક રીટર્ન થયાનો અસલ મેમો રજુ કરેલ છે. આંક–૧૭ થી પ્રતિવાદીને આપેલ નોટીસની ઓફિસ કોપી રજુ કરેલ છે. આંક–૧૮ થી નોટીસ પોસ્ટ કર્યાની અસલ સફેદ પાવતી રજુ કરેલ છે. આંક–૧૯ થી પ્રતિવાદીને નોટીસ બજી ગયાની પોસ્ટની વેબસાઈટ પરથી કાઢેલ પ્રિન્ટ રજુ કરેલ છે. આંક–૨૦ થી ફરીયાદી પેઢીનાં જીએસટી. સર્ટીફિકેટની ઓનલાઈન પ્રિન્ટઆઉટ રજુ કરેલ છે.

આમ, આ કામે વાદીએ રજુ કરેલ તેમની સરતપાસના સોંગદનામામાં લખેલ હકીકતને વાદી તરફે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળે છે. આ ઉપરાંત આ કામના પ્રતિવાદીને દાવા સમન્સ બજી ગયેલ હોવા છતા હાજર રહેલ નથી કે વાદીની ઉલટતપાસ કરેલ નથી કે પ્રતિવાદી તરફે કોઈ પુરાવા રજુ થયેલ નથી એવા સંજોગોમા વાદીએ રજુ કરેલ પુરાવા ન માનવાને કોઈ કારણ રહેતુ નથી. આ કામે વાદીએ આંક–૨૦ થી ભાગીદારી પેઢીના જી.એસ.ટી. સર્ટીફિકેટની નકલ રજુ કરેલ હોય વાદી પેઢી રજીસ્ટર્ડ થયેલ હોવાનું જણાય છે. જયારે વાદી તરફે રજુ થયેલ આંક–૧૩ તથા આંક–૧૪ ના પુરાવા મુજબ પ્રતિવાદી સાથે એ.સી ખરીદ કરવા માટે વાદીએ પ્રતિવાદીને રોકડા રૂપિયા ચુકવ્યા અંગેનો વ્યવહાર થયેલ હોવાનું

જણાય છે. જેથી વાદી કાયદેસરની નીકળતી રકમ રૂા.૧,૫૦,૦૦૦/– પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા હકકદાર થાય છે. જેથી મુદા નંબર ૧ થી ૩ નો જવાબ હકારમાં આપુ છુ.

**મુદ્દા નં.૪ તથા ૫ :–**

હવે આ કામે વાદી તરફે મુદ્દલ રકમ રૂા.૧,૫૦,૦૦૦/– ઉપર વાર્ષિક ૨૪ ટકા લેખે વસુલ થતા સુધી ચઢતા વ્યાજ સહિતની માંગણી કરેલ છે. પરંતુ વાદી તરફે વાદી અને પ્રતિવાદી વચ્ચે વ્યાજ મેળવવા બાબતેનો કોઈ કરાર થયેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. જેથી વાદીએ મુદ્દલ રકમ ઉપર ૨૪ % વ્યાજની માંગણી કરેલ છે જે વધુ પડતી છે. પરંતુ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં વાદીને મુદ્દલ રકમ ઉપર ૬% વ્યાજ અપાવવું યોગ્ય અને ઉચિત જણાતું હોય, મુદ્દા નં.૪ તથા મુદ્દા નં.૫ નો નિર્ણય અંશત: હકારમાં આપી મુદ્દા નં .૬ પરતવે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂં છું.

**:: હુ ક મ ::**

૧. વાદીનો સદરહુ દાવો આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. વાદી પ્રતિવાદી પાસેથી રૂા.૧,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પુરા) દાવા તારીખથી વસુલ થતા સુધી વાર્ષિક ૬% નાં વ્યાજ સહિત વસુલ મેળવવા હકકદાર છે તેવું ઠરાવવામાં આવે છે.

૩. હુકમ મુજબ હુકમનામું દોરવું.

૪. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તારીખ ૦૬ ઠ્ઠી, માહે મે સને ૨૦૨૩ નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ. : ૦૬ /૦૫/૨૦૨૩
સ્થળ : સુરત.

(હિતેશકુમાર બુધાભાઈ શર્મા )
એડીશનલ જજ,
સ્મોલ કોઝ કોર્ટ, સુરત.
**(GJ01147)**